# ‘અકેલા હું મૈં, અગર કોઈ સાથી હૈ તો મેરા સાયા’



ડો. મનમોહનસિંહ આજે તેઓ તેમના જીવનના અત્યંત કઠીન કાળમાંથી ગુજરી રહ્યા છે.

અગાઉ અનેક કૌભાંડીયા સાથીઓથી ઘેરાઈ ગયેલા વડાપ્રધાને સુપ્રિમ કોર્ટની આકરી ટીકા બાદ સેન્ટ્રલ વિજિલન્સમાં થોમસની નિમણૂંકની ભૂલ પણ પોતાના માથે લેવી પડી છે. લાગે છે કે ડૉ.મનમોહનસિંહની આભાનો અસ્ત થઈ રહ્યો છે. વિપક્ષોના હુમલાનો તો તેઓ ભોગ બનતા જ રહ્યા છે, પરંતુ પોતાના પક્ષમાં પણ તેઓ આંતરિક વિરોધનો મારો સહન કરી રહ્યા છે. દેશના અત્યંત શક્તિશાળી મહિલા સોનિયા ગાંધી જ્યાં રહે છે તે ૧૦, જનપથ અને વડાપ્રધાનનું સત્તાવાર નિવાસસ્થાન ૭, રેસકોર્સ રોડ વચ્ચે અંતર વધ્યું છે. આ બંને વચ્ચે અઘોષિત જંગ છેડાઈ ચૂક્યો છે. પક્ષ અને સરકાર વચ્ચે કેટલીક નીતિ વિષયક બાબતોમાં તીવ્ર મતભેદો છે. ડૉ.મનમોહનસિંહ, એ. રાજા, સુરેશ કલમાડી કે બીજા પ્રધાનોના કૌભાંડો રોકવામાં નિષ્ફળ નીવડ્યા છે. તેમના કારણે પાર્ટીએ સહન કરવું પડે તે પરિસ્થિતિ ચલાવી લેવા સોનિયા ગાંધી જરાયે તૈયાર નથી. અને તેથી જ પક્ષે વડાપ્રધાનને તેમનો બચાવ કરવાનું કામ તેમણે જાતે જ કરવા ઈશારો કર્યો. એ પછી વડાપ્રધાને ઉતાવળે ઉતાવળે ટીવી ન્યૂઝ ચેનલોના તંત્રીઓની પ્રેસકોન્ફરન્સ બોલાવી લીધી અને કેટલીક સ્પષ્ટતાઓ કરી તથા કેટલીક કબૂલાતો પણ કરી. બીજી બાજુ સોનિયા ગાંધીએ જાતે જ એલ.કે.અડવાણીને લખી જણાવ્યું કે મારું કે મારા પરિવારના કોઈપણ સભ્યનું વિદેશની બેંકમાં કોઈ ખાતું નથી. એ પછી એલ.કે.અડવાણીએ સામો પત્ર લખી સોનિયા ગાંધી પર એવો આક્ષેપ કરવા બદલ માફી પણ માંગી.

કેન્દ્રના મંત્રીઓ પણ બે બાજુ વહેંચાયેલા છે. કેટલાક વડાપ્રધાન સાથે છે. કેટલાક પાર્ટી સાથે છે. પરંતુ વડાપ્રધાન સાથે નહિવત છે. લાગે છે કે વડાપ્રધાન એકલા પડી ગયા છે. આમ છતાં તેઓ હાલના તબક્કે વડાપ્રધાનપદ છોડી દેવાના નથી તે વાત તેમણે સ્પષ્ટ કરી કોંગ્રેસ પાર્ટીને પણ એક મેસેજ મોકલી આપ્યો છે. યાદ રહે કે ડૉ. મનમોહનસિંહ ફુગાવો ડામવામાં, મોંઘવારી કમ કરવામાં અને સાથીઓના કૌભાંડો રોકવામાં નિષ્ફળ ગયા હોવા છતાં અત્યંત મૃત્સદ્દી ‘પોલિટિશિયન’ છે. લંડનમાં તેમની સાથે ભણતા તેમના મિત્રો ડૉ.મનમોહન સિંહને ‘બેડ ઈકોનોમિસ્ટ બટ ગુડ પોલિટિશિયન’ કહે છે.

ડૉ. મનમોહન સિંહના વ્યક્તિત્વને સમજવા માટે તેમની પશ્ચાદભૂમિકા પણ સમજવી જરૂરી છે. જે અર્થશાસ્ત્રના કારણે તેઓ આજે દેશમાં વડાપ્રધાન બન્યા છે તે અર્થશાસ્ત્રનો વિષય ભણવાનું તેમનું કોઈ આયોજન હતું જ નહીં : તેમના પિતાનું દબાણ મનમોહનસિંહને તબીબ બનાવવાનું હતું પરંતુ એક પુસ્તકે તેમની જિંદગી બદલી નાખી. મીનુ મસાણીએ લખેલું પુસ્તક ‘અવર ઈન્ડિયા’ તેમના હાથમાં આવ્યું અને તે પુસ્તક વાંચ્યા બાદ તેમણે નક્કી કરી નાંખ્યું કે ‘ભારત ગરીબ કેમ છે તે હું સમજવા માંગુ છું. એ માટે મેં ઈકોનોમિક્સ ભણવાનો નિર્ણય કર્યો.’




સોનિયા માઈનો ઈટાલીથી કેમ્બ્રિજમાં આવેલી લેનોક્સ કૂક સ્કૂલમાં ભણવા ગયાં અને તેમના થનાર પતિ રાજીવ ગાંધીને પહેલી જ વાર મળ્યાં તેનાં ૧૦ વર્ષ પૂર્વે મનમોહનસિંહ એ જ શહેરની યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર ભણવા ગયા હતા. તેઓ અત્યંત શરમાળ અને કોઈપણ જાતના વ્યસન વગરના શીખ યુવાન હતા. તેમને ભણવા સિવાય બીજા કશામાં રસ નહોતો. બચપણ તેમનું સંઘર્ષમાં ગુજર્યું હતું. તેમનો જન્મ હાલ પાકિસ્તાનમાં આવેલા એક નાનકડા ગામના મધ્યમ વર્ગના પરિવારમાં થયો હતો. તેઓ અત્યંત નાના બાળક હતા ત્યારે જ તેમની માતાનું અવસાન થયું. તેમનો ઉછેર નાનકડી ખેતી પર નભતા તેમના દાદીએ કર્યો હતો. પરંતુ તેનાથી ઘરનું પૂરું થતું ના હોઈ તેમના પિતા નોકરીની તલાશમાં પેશાવર ગયા. ફળોના એક વેપારીની દુકાનમાં તેઓ એકાઉન્ટન્ટ બન્યા. ૧૧ વર્ષની ઉંમરે મનમોહન સિંહ તેમના પિતા સાથે રહેવા પેશાવર ગયા. એ પછી ભારતના ભાગલા થયા. ઠેર-ઠેર રમખાણો ફાટી નીકળ્યાં હતા. નાનકડા મનમોહન રસ્તાઓ પર પડેલી લાશોની વચ્ચે થઈ સ્કૂલે જતા. તેમના દાદા કે જેમણે મનમોહન સિંહને ઉછેર્યા હતા તેમની આ રમખાણો દરમિયાન હત્યા થઈ ગઈ. તેમનું ઘર સળગાવી દેવામાં આવ્યું. ૧૪ વર્ષની ઉંમરે તેઓ તેમના પિતા સાથે પાકિસ્તાનમાંથી ભાગી છૂટ્યા અને સરહદ ઓળંગી ભારત આવી ગયા.

તે પછીનો ઈતિહાસ જાણીતો છે. યુપીએ-૧ સરકાર તેમની મજબૂત રહી પરંતુ યુપીએ-૨ સરકારમાં તેઓ સ્વયં પ્રામાણિક હોવા છતાં અપ્રામાણિક સાથીઓના ભ્રષ્ટાચાર અને કૌભાંડોથી ઘેરાઈ ગયા છે. તેમના જીવનમાં આવેલા વળાંકો વિષે તેમની દિકરી પુસ્તક લખી રહી છે.

અત્યારે તે સહુથી વધુ તનાવભરી પરિસ્થિતિમાંથી ગુજરી રહ્યા હોવા છતાં તેમના દૈનિક રુટિનમાં કોઈ ફરક પડ્યો નથી. વહેલી સવારે તેઓ દિલ્હીનાં તમામ મુખ્ય અખબારો ધ્યાનથી વાંચી લે છે. લંડનથી પ્રગટ થતું ‘ફાઈનાન્સિયલ ટાઈમ્સ’ સાંજે આવે છે તે પણ જોઈ લે છે. સવારે તેઓ તેમના બગીચામાં ઝડપથી ચાલી લે છે. તે પછી ટ્રેડમીલ પર કસરત કરે છે. ચીન અને ભારતના આસપાસના દેશો તથા સુપર પાવર બનવા મથતા બીજા દેશોના સમાચાર ઊંડાણથી વાંચે છે. હમણાં જ તેમણે વરિષ્ઠ પત્રકાર બી.જી.વર્ગીસનું પુસ્તક ‘ફર્સ્ટ ડ્રાફ્ટ’ પૂરું કર્યું. ગુરુબાની અને ગઝલ તેમને પ્રિય છે. વડાપ્રધાન બન્યા પછી પણ તેમની અંગત જીવન શૈલી મધ્યમ વર્ગના આમ ભારતીય જેવી જ છે. તેમનો કોઈ ડ્રેસ ડિઝાઈનર નથી. તેમની ચશ્માની ફ્રેમ મધ્યમ વર્ગનો કોઈ ભણેલો માણસ પહેરતો હોય તેવી જ છે. પોતાની જાતને ‘લાર્જર ધેન લાઈફ’ બનાવવાનો કોઈ પ્રયાસ કરતા નથી. કાળાં ગોગલ્સ કે ગળામાં મફલરનો તેમને શોખ નથી, નહેરુ કે બાજપાઈ જેવો કોઈ કરિશ્મા નથી. નહેરુ કે બાજપાઈની જેમ લાખોની માનવ મેદનીને મંત્રમુગ્ધ કરવાની કોઈ સ્ટાઈલ તેમણે વિકસાવી નથી. તેમની ઈચ્છા પણ નથી. તેઓ રાજનીતિમાં છે છતાં ટિપિકલ રાજકારણી નથી. કોઈનાયે પ્રત્યે બદલો લેવાની કે કિન્નાખોરી રાખવાનો તેમને સ્વભાવ નથી. તેમના પૂર્વ સાથી અને ઈકોનોમિસ્ટ જગદીશ ભગવતી જો પ્રવચન આપવાના હોય તો તેમનું લેકચર સાંભળવા સહુથી પહેલા હોલમાં જઈ આગળની સીટ પર બેસી જાય છે. લોકસભામાં પણ તેઓ નાનકડા બાળકની જેમ નિર્દોષ આંખો સાથે બેસીને વિપક્ષોના આક્રમક પ્રહારોને ઝીલતા રહે છે. સેંટ સ્ટીફન્સ કૉલેજમાં ઈતિહાસના અધ્યાપિકા તરીકે કામ કરી રહેલી તેમની દિકરી ઉપેન્દ્રા કહે છે કે, ડેડ તેમની ઈમેજની બાબતમાં અત્યંત સંવેદનશીલ છે. તેમના વ્યક્તિત્વના ગુણોને હજુ જોઈએ તેવી સરાહના મળી નથી. તેઓ જાડી ચામડીના હોવા જોઈતા હતા. પરંતુ તેઓ તેવા નથી. આજે તેઓ તેમના જીવનના અત્યંત મુશ્કેલ સમયમાં પસાર થઈ રહ્યા છે.’

એક દિવસ ખુદ સોનિયા ગાંધીએ પણ કહ્યું હતું : ‘વડાપ્રધાનની પ્રામાણિકતા વિષે આખું વિશ્વ જાણે છે.’

- પરંતુ આજે ડૉ.મનમોહનસિંહ સાવ એકલા છે. ૨૦૧૪ની ચૂંટણીઓ સુધી તેઓ વડાપ્રધાન તરીકે ચાલુ રહેશે કે કેમ તે પણ પ્રશ્ન છે. ચૂંટણીઓ પહેલા યુપીએ-૨ સરકારનું નેતૃત્વ બદલવા કોંગ્રેસ ભીતરથી સજ્જ છે તેમ લાગે છે. ડૉ. મનમોહનસિંહ એક સજ્જન વ્યક્તિ હોવા છતાં કોંગ્રેસ તેમના નેતૃત્વ હેઠળ આગામી ચૂંટણીઓમાં લોકો સમક્ષ જઈ શકશે નહીં એમ કોંગ્રેસના કોર ગ્રુપને લાગે છે. આમ છતાં કોંગ્રેસ તેમને સીધે સીધા હટી જવાનું કહેશે નહીં પરંતુ કોંગ્રેસ જ એવી પરિસ્થિતિ પેદા કરવા માંગે છે કે ડૉ. મનમોહનસિંહ સ્વયં વડાપ્રધાન પદ છોડી દે. અલબત્ત મનમોહનસિંહ અને કોંગ્રેસના કોર ગ્રુપ વચ્ચેના આ જ્ઞાનતંતુઓના યુદ્ધમાં મનમોહનસિંહ કોંગ્રેસના હાઈકમાન્ડને તાબે થાય છે કે કેમ તે જોવાનું રહે છે.

## જીવનના અત્યંત કપરા કાળમાંથી પસાર થઈ રહેલા વડાપ્રધાનની દિનચર્યા કેવી છે ?